શ્રી ગણેશાયનમઃ

શ્રી સત્ય સુબોધ નાટક સમાજ.

—: પ્રફુલ્લ ઉર્ફે :—

(દેવી ચૌધરાણી.)

નાટકનાં ગાયનો તથા સંક્ષીપ્ત સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી સત્ય સુબોધ નાટક સમાજના માલેકો.

ફેજુલ્લાશાહ અને ભાનુશંકરની કંપની.

સ્ટેશનરોડ—સુરત.

લેખક

વલ્લભદાસ વાઘજીભાઈ પટેલ,

(સોજીત્રા નિવાસી)

આવૃત્તિ ૧ લી.

શા. ચુનીલાલ અમીચંદના ધી સુરત "જૈન" [illegible]

પ્રી. પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ વ્યાસે છાપ્યું,

ઠે. ખપાટીઆ ચકલા સુરત.

કિંમત રૂ. ૦-૩-૦

શ્રી

હિન્દી બાળકોને બળવાન બનાવવાનો સંદેશો.

જો તમોને તમારો પ્રાચીન ઇતિહાસ યાદ આવતો હોય વર્તમાન સ્થિતી વિષે વિચાર ઉત્પન્ન થતા હોય અને ભવિષ્યાત્ પ્રજાની તંદુરસ્તી તથા સુખસંપત્તિની જરૂર જણાતી હોય તો શ્રીભારત ચિકિત્સાલય સંસ્થાની સ્વદેશી રત્નભંડાર નામની ચાર દવાઓ વાપરો. જે ફક્ત આ ચારજ દવાઓથી દુનિયાનાં દુઃખી અને દુઃસાધ્ય દરદીઓને આરામ આપવામાં મોટું માન ધરાવે છે.

તેમાં-કેશર-કસ્તુરી અને અંબર જેવા ઉત્તમ પદાર્થો વપરાય છે. તપાસી ખાત્રી કરી લેવી.

લખોઃ—

મંત્રીઃ-શ્રી ભારત ચિકિત્સાલય સંસ્થા.

બંકરોડ-વડોદરા.

દેવી પ્રફુલ્લ નાટકનો ટુંકસાર

અંક પહેલો.

મંગળાચરણ—બાદ સુત્રધાર અને બાળાઓ વચ્ચે નાટક પ્રયોગ સબંધી વસ્તુસૂચન.

પ્રવેશ ૧ લો—બાણુ હરવલ્લભના તિરસ્કારથી જંગલવાસી થએલ. પ્રફુલ હરવલ્લભના હિતચીન્તક રમેશનું પ્રફુલને ઠાર કરવા આવવું. પ્રફુલના હાથથી રમેશનું ખુન. ભવાનીપાઠકની આજ્ઞાથી પુનઃ હરવલ્લભના મકાને જવા પ્રફુલની તૈયારી ભવાનીપાઠકને પકડવા દેવીસિંહનું આવવું, પ્રભાકરથી બચાવ—(ટેબ્લો)

પ્રવેશ ર જો—ડેળી ભગલા હજેમ પાસે નોકર રહેવા પોપટની માગણી. ભગલાનો સ્વીકાર. દેવીસીંહ પાસે પ્રાઇવેટ સેક્રેટરીનો દુર્લભદાસ માર્ફતે ભગલાને ઓર્ડર. ભગલાનો આનંદ દુર્લભદાસની પુત્રી મેના અને પોપટનું પ્રથમ પ્રેમદર્શન.

પ્રવેશ ૩ જો—ભવાનીપાઠકના કહેવાથી હરવલ્લભ પાસે પુત્રવધુ તરીકે સ્વીકારવા, પ્રફુલની માગણી. હરવલ્લભનો અ સ્વીકાર. અને તીરસ્કાર. હરવલ્લભને ઠાર કરવા પ્રફુલની તૈયારી. વજેશ્વરથી બચાવ.—(ટેબ્લો)

પ્રવેશ ૪ થો—પ્રફુલને પ્રાણનાથને સોંપવા બદલ ફુલી માલણ અને દુર્લભદાસની મસલત. બન્નેનો આનંદ.

પ્રવેશ ૫ મો—ધનથી ફુલાતા કરપીણ શેઠીયા પ્રાણનાથના પુત્ર ચતુરને ઠાર કરવા બારવટીઆના સરદાર પ્રભાકરની તૈયારી. ચતુરના કાલાવાલા. પ્રભાકરનો દ્રઢ નિશ્ચય. ભવાનીપાઠકથી ચતુરનો બચાવ. ગરીબોને મદદ કરવા ચતુરનો ચોક્કસ વિચાર. રંકને સતાવનાર પ્રાણનાથનું ધનમાલ લુંટવા માટે ચતુર સાથે ભવાનીપાઠકની જવાની તૈયારી.

પ્રવેશ ૬ ઠો—ફુલી માલણની સહાયથી દુર્લભદાસ પ્રફુલ્લને બેભાન બનાવી પ્રાણનાથના મકાને લઇ જાય છે.

પ્રવેશ ૭ મો—પદ્મા ને પ્રવીણ પોતે નિરાધાર હોવાથી ઉદરપોષણ માટે ભિક્ષાવૃતી કરવા નીકળેલ છે. પ્રભાકરનું આવવું. દુર્લભદાસ પાસેથી લુંટ કરી દાગીના પડાવવા અને તે દાગીના પ્રવીણના ઉપવીત માટે પદ્માને આપવા દેવસીંહથી પ્રવીણનું ખુન.

પ્રભાકર અને દેવીસીંહનું યુદ્ધ. ભવાનીપાઠકના આગમનથી દેવીસીંહનું પસાર થવું.—(ટેબ્લો)

પ્રવેશ ૮ મો—ડોળી ભગલો અને તેની બૈરી શીવલીનો ભવાડો. હાસ્યરસનો આબેહુબ ચિતાર.

પ્રવેશ ૯ મો—પ્રફુલ્લપેર બળાત્કાર કરવા પ્રાણનાથની તૈયારી. ભવાનીપાઠકથી પ્રફુલ્લનો બચાવ. પ્રાણનાથનું ખુન. (ટેબ્લો)

ડ્રોપસીન.



અંક બીજો.

પ્રવેશ ૧ લો—ભવાનીપાઠકે પ્રફુલને દેવી ચોધરાણીનો અલંકાર આપી સર્વ સરદારોની શિરોમણી બનાવવી. હરવલ્લભનું ઘર લુંટી લાવવા પ્રભાકર પ્રત્યે પ્રફુલનો હુકમ દેવીસીંહને કેદ કરવા પ્રફુલને ભવાનીપાઠકની આજ્ઞા.

પ્રવેશ ૨ જો—બાબુ હરવલ્લભનું ઘરબાર લુંટી લઇ પ્રભાકરનું ચાલ્યા જવું. દેવીસીંહનું આવવું. પોતાના રૂપિયાની હરવલ્લભ પાસે માગણી. હરવલ્લભે એક માસની મુદત માગવી. ચતુરનું આગમન. દેવીસીંહના હાથથી ચતુરનું ખુન—(ટેબ્લો)

પ્રવેશ ૩ જો—મેનાપર મગલો આશક હોવાથી મેનાને ત્યાં ભગલાનું આવવું. મેના પોપટની મશ્કરીથી ભગલાનો ભવાડો વિષય લંપટની દુર્દશાનો આબેહુબ ચીતાર.

પ્રવેશ ૪ થો—બુઢ્ઢા રંગીલદાસ પાસેથી પૈસા પડાવી તેની સાથે મેનાના લગ્ન કરવા દુર્લભદાસનો વિચાર. પોતાને લાયક વર પરણવા દુર્લભદાસ પાસે મેનાની માગણી. ધનના લોભી દુર્લભદાસનો ઇનકાર ભવાનીપાઠકના આગમનથી લગ્નનો અટકાવ મેના અને પોપટનો ભવાની પાઠકના હાથે હસ્તમેળાપ (સદરહુ પ્રવેશમાં કન્યાવિક્રયનો આબેહુબ ચિતાર.)

પ્રવેશ ૫ મો—પદ્માને પ્રભાકરનું પ્રથમ પ્રેમદર્શન દેવી પ્રેમને છાજે તેવાં ઉચ્ચ પ્રકારનો શીંગાર.

પ્રવેશ ૬ ઠો—બે વરસથી અનાવૃષ્ટી છતાં બીચારા ગરીબ ખેડુતને સતાવી તેની પાસેથી મહેસુલ વસુલ કરવા દેવીસીંહનો નિર્દય હુકમ પ્રફુલનું આગમન થતાં ખેડુતોનો બચાવ અને દેવી સીંહ કેદ. (ટેબ્લો.)

પ્રવેશ ૭ મો—ખરવાના વૈદ્ય જંગલી ખેડુતો એ ભગલાનો ખરવા કાઢવો ફુલીનો ખરવા કાઢવા માટે પોપટે ખેડુતોને ફુલીને લાં લઈ જવા.

પ્રવેશ ૮ મો—ગરીબોપર રહેમ નજર રાખવા ભવાનીપાઠકનો દેવીસીંહ પ્રત્યે બોધ પથ્થરપર પાણી. વજેશ્વરનું આગમન વજેશ્વરને ઠાર કરવાને ભવાનીપાઠકની તૈયારી. પ્રફુલથી વજેશ્વરનો બચાવ—(ટેબ્લો)—(ડ્રોપસીન.)

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—ગુડલેટ સાહેબ [illegible] ભાગ્યી, વજેશ્વરને [illegible] આગમન બહારવટીઆઓ [illegible] હરવખ્તભની [illegible].

પ્રવેશ ૨ જો—ગુડલેટ સાહેબ [illegible] પ્રફુલ્લ તથા ભવાનીપ[illegible] કેદ.
(ટેબ્લો)

પ્રવેશ ૩ જો—ફુલી, ભગલો [illegible] દુર્લભદાસની ખેડુતોના હાથથી દુર્દશા ઉંટ વેદનો આએહુ [illegible]ાતાર.

પ્રવેશ ૪ થો—ગુડલેટ સાહેબ [illegible] ન્યાય ભવાનીપાઠક તથા પ્રફુલ્લ બંધનથી મુક્ત. [illegible] જાગીરદાર પદભ્રષ્ટ.

પ્રવેશ ૫ મો—પદ્મ ને પ્રભા [illegible]વિનોદ.

પ્રવેશ ૬ ઠો—ગુડલેટ સાહેબ [illegible] જાગીર ભવાનીપાઠકને આપવી અને ગુડલેટ સા[illegible] હસ્તથી પદ્મા ને પ્રભા કરનો હસ્તમેળાપ છેવટને [illegible] (ડ્રોપસીન)

શાંતી. શાંતી.

દેવી પ્રફુલ્લ નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

દેવીસીંહ—એક જુલ્મી જાગીરદાર.

ભવાનીપાઠક—ગરીબને ઉદ્ધારનાર દયાળુ વીરનર. ગરીબ કષ્ટનિવારણ સમાજનો મુખ્ય નાયક.

પ્રભાકર—ભવાની પાઠકના હાથ નીચે રહી હિન્દના ગરીબ અને અનાથ બાળકોનું ઉદર પોષણ કરનાર, કન્યાવિક્રયને અટકાવનાર, વિધવાઓને પાળનાર, નિખાલસ હૃદયનો એક પરોપકારી વીરનર.

પ્રાણનાથ—ગર્વીષ્ટ ધનપતિ, પ્રફુલનો આશક વણીક.

દુર્લભદાસ—તેનો કરપીણ મુનીમ. ફુલી માલણના પ્રેમનો ઉમેદવાર.

હરવલ્લભ—ગરીબને તુચ્છ ગણનાર અભિમાની શ્રીમંત, પ્રફુલનો શ્વશુર.

વજ્રેશ્વર—તેનો પુત્ર પ્રફુલનો પતિ.

ચતુર—પ્રાણનાથનો પુત્ર ભવાનીપાઠકના બોધથી ગરીબ કષ્ટ નિવારણ સમાજમાં દાખલ થયેલ વીરનર.

બગલો—ડોળી હજામ.

પોપટ—રણીકનો ચાલાક બાળક, મેનાનો પતિ.

રક્ષવાસ—જંગલી ખેડુતો, પ્રવીણ, સરદારો, રમેશ, ગુલ્લેટ સાહેબ બરકર વિગેરે.

સ્ત્રી વર્ગ.

દેવી પ્રફુલ—(દેવી ચૌધરાણી) હરવલ્લભની પુત્રવધૂ, વ્રજેશ્વરની પત્ની ભારતમાં ભૂખે મરતા દીનજનોનું પોષણ કરી હુન્નરકળામાં પ્રવીણ બનાવી તેઓને ધનવાન બનાવનાર સહકાર પ્રયોગની નાયિકા હિંદમાં મનાતી દેવી

પદ્મા—ગરીબકષ્ટ નિવારણ સમાજમાં ઉછરેલી, ભવાનીપાઠકની પાલક પુત્રી પ્રભાકરની ધર્મપત્ની.

મેના—દુર્લભદાસની પુત્રી. પોપટની પ્રણયિની.

ફુલી—પ્રપંચી માલણ દુર્લભદાસની માશુક.

સિવાય દાસીઓ, ચંપા, ચંબેલી વગેરે.



જાહેરખબર

જરાસંધ. તથા પૃથ્વી પુત્રનાં સુપ્રસીદ્ધ લેખક, શ્રીયુત. કવી રામજીભાઇ નાગરજી (મહેતા) વલસાડવાળાની કલમથી લખાએલ તદ્દન નવો ખેલ રા,, નવઘણ. ટુંક સમયમાં પુર્ણું છપકાથી બહાર પડશે. પ્રસ્તુત. ખેલમાં સોરઠપતી નવઘણની. નીતી તથા શ્રી કચ્છ દેશનાં ૮૩૫. લાખા ફુલાણીની પવીત્ર મીત્રતા તેમજ દેશભક્ત અને સ્વામી સુનિશ્ચય દેવાયત. પટેલની ગંભીર ધીર્યતા તેમજ પાટણ દેશ મુલરાજ સોલંકીનાં વૃદ્ધ કાકા દંડકરાજનાં પુત્ર કર્ણસીંહના ક્રુરતા. સીંધભુપાળ. હમીર સુમરાની પરણી પૃત્યેની નીચતા દંડકપુત્રી કાન્તા કુમારીની પતી ભક્તીની પવીત્રતા તેમજ દેવાયત કન્યા જેહલની સદ્દબુદ્ધીની કસોટી, અને રા. નવઘણના પીતા રા,, ડયાસની કુટીલતા ટોંટી મુસલમાનની ઐકયતા સંગે કોમીક પાત્રો નીમનેક રંજન ગમ્મત. વીગેરે અષ્ટરસથી ભરપુર ખેલ સુરતની સોખીન પ્રેજા સન્મુખ રજુ થશે.

,, હીરો રહે પથ્થર મહીં, પણ સમય તો પ્રતિકુળ છે;
,, મુલ જો નહીં આંકશો તો, એ તમારી ભુલ છે.

દેવી પ્રફુલ્લ નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર તથા બાળાઓઃ—૧

શ્રી રાધાશ્યામ ગીરીવરધર નંદનંદન,
કૃષ્ણ કોટી કળાવંત વિશ્વનાથ નીરંજન,
નાથ અનાથના અધમ ઉધારણ;
કષ્ટ નીવારણ તારણ મારણ,
તવ પદપંકજમાં દીન બાળનું વંદન—શ્રી૦

બાળાઓઃ— ૨

બીચારા દીન બની નરનાર ભારતમાં કંઈક ભુખે મરતા,
તવંગર તેજ મહી અંબાય; ગરીબનું બેલી કોઇ નવ થાય,
હજારો અંગ ઉઘાડે વસ્ત્ર વિનાનાં વસ્તી મહીં ફરતાઃ—
અરે ઓ ભારતના ધનવાન; દઇને તન મન ધનનું દાન,
બચાવો દીન જનોને પડો ન પાછા પરમારથ કરતાં—બી૦

મેના:— ૩

આ મનમોહક મેનાનું જોબન એળે જાય છે;
હું નાજુક નાર નવેલી; છું અમૃત રસની વેલી,
રે નાથ વિનાની ઘેલી; જોબન એળે જાય છે.—
નવ ચેન મને કંઇ પડતું; ચીતડું ચોહીશે ચઢતું;
આશા પંથે આથડતું; જોબન એળે જાય છે.—

મેના પોપટ:— ૪

છબીલા છેલ ન છેતરીએ; જવા દો દુરી જનથી ડરીએ,
ખરો આ ખેલ; કરીને ફેલ, ફુલાવી તમને શું કહીએ.
મનહર મનમાં ભાવે આજા, સુકીધા અમથા ચાળ;
ટેકીલા પ્રેમીલા પ્રેમી તમે; સેવીશું સ્વામીને સ્નેહ આપે.
સુખાળી આશુ તું સાચી સહુથી—આમ ન છેતરીએ૦

કુલી:— ૫

કંઇક નરને નચાવુ હું નારી, માલજુ મોંઘેરા મુલની ખરી.
અંતરમાં આંકડી, ઉપરથી વાંકડી; નચાવું આંખડી જરી.
વિષયના ભોગીજન જાય છે મરી.
પુરીશું બળમાં, ફુલાવી ફળમાં, જોબન જલમાં પડાવુ
પગમાં.

કુસુમ-હુલંબદાસઃ— ૬

પાઓ પ્રીતીની પ્યાલી, દઉંછું લેવાને વ્હાલી;
રેલાવો રસરેલા—પાઓ૦
ચાલોજી (૩) આ ચતુર નારના ચેલા—પાઓ૦
હું હલામણ જેવો છું; તુ સતિ છે સોન રાણી;
મેં સંગ કીધો છે તમારો ભાવનાથી હેમ જાણી,
નિભાવજો નાથ સદા પાળી પ્રીતે અલબેલા—ચાલો૦

ચતુર-ભવાની પાઠકઃ— ૭

જન્મી જેણે કરી ન સ્વદેશ-સેવા તેનું જીવન જગમાં
એળે ગયું—

અરે દેશ બંધુ તમે ધ્યાન ધરો;
ભલા શ્રીમંતો રંકની રક્ષા કરો;
અન્ન વસ્ત્ર દઇ તેનું કષ્ટ હરો;
થશે ઉન્નતિ હિંદની ધર્મ ખરો—જન્મી૦
ખર્ચો ધન બહુ સખી મર્દ થઇ;
ખોલો અનાથ-આશ્રમ હિંદ મહીં;
દીન હિંદુ મુસલમીન બાળ કંઇ;
પાળો હિંદુ મુસલમીન એક થઇ—જન્મી૦

મધુઃ— ૮

મરીબડી જ્યારે આવે,
સુખી નરને નબુળું બનાવેઃ—મરિબડી૦

રંકજાણી કોઈ પાસ ન બેસે શ્રીમંત નિત્ય સતાવે;
સગાં સહોદર અળગાં થઈને અધવચમાં અથડાવે-ગરીબડી૦

[illegible]-પ્રવીણ:— ૯

વિભુ ઉદ્ધાર કરો નાથ અનાથના;
ભવસિંધુથી તારો;-વિભુ૦
અમો નિરાધાર; આપનો આધાર;
ના રહ્યા સુખનો આરો:-વિભુ૦
નબાપાં બાલુડાં; કહે સૌ કુડં;
આપ ઉગારો યા મારો-વિભુ૦

[illegible]લો-શીવલી-પોપટ:- ૧૦

આ ક્યાંથી વળગી તગડી; હૈયાપર બળતી સગડી;
દીકરા પોપટ ગુજરીમાં વેચી આવજે—આ૦
[illegible] મારા રોયા, મેં ઢંગ તારા જોયા, કરમાં વઠરો મા તારી
હું, વેચાવજે-
આ હુરાયો પાડો; આ બૂંડણનો બાઘડો;
અમ્મા પોપટ આવા માંધળમાં ફાવજે-દીકરા૦

[illegible]:- ૧૧

તજી સ્વર્ગ જગતમાં જે જન્મી;
કોઈ હુરી અપ્સરા નારી.
[illegible] સાથે થઈ અવતારી;

ઈન્દ્ર ભુવન વસનારી—તજી૦
જે નરે નીજ શીર કાપી કમળ પુજન કર્યું હશે;
કાં કાશી જઇ કરવત મુકાવી અંગ વહેરાવ્યું હશે.
તે ભોગવશે એ નારી; મનરંજન મંગળકારી—તજી૦

અંક બીજો.

ભવાનીપાઠકઃ— ૧૨

શંકડાં રીબાય હાય શું હવે થશે,
શું હવે થશે, બીચારાં કહો કયાં જશે.—શંકડાં૦
કાષ્ટને ઉછેરવાનો, તંતતજી તારવાનો;
નાવને ડુબાવવાનો, વારીનો હક્ક શું હશે—શંકડાં૦
વૃક્ષ કોપાય; વેલખાય; વેલથી શી રીતે વધાય;
અણુવિકસ્યુ સુજમન વિંધાય; શાન્તિ પામે નહિ કશે-શાં૦

પ્રફુલ્લ— ૧૩

નીર્દય નીચ થશે તું ખ્વાર ખ્વાર
ભમી રહ્યો શીરકાળ;—નીરદય૦
સંહારૂ દીનદુઃખ; કરને નથી વારવાર.—નીરદય૦
ઉંદર ઘરમાં વીષધર મ્હાલે;

અવળો ન્યાય હવે નહિ ચાલે;
નમાવું નીચના શીરને.—સંહારૂ૦

મેના— ૧૪

છેલ છબીલી નાર; મારા ડા'પણનો નહી પાર;
પુછી પાણી પીએ ભરથાર; ગૃહીણી શોભાવું
ઘરબાર—છેલ૦
માગે જો પીયુડો પાણી, હાજર કરૂં દુધની હાણી.
સલપતી છું મોહક મેના માનીતી નાથની નાર;
પુછી પાણી પીએ ભરથાર —

પોપટ-મેના-જાગલો— ૧૫

ભાઇ ભાઇ જો જો ચશ્કેલી આ વાવડી
સુવા ભગા—ભાઇ૦
પીટયા બુમો પાડે શાને આવડી.—સુવા —
સારો ના મુજને ચાસડી ચુંથાય છે;
સારો ના મુજને છી. છી. છી. છી. છી.—સુવા૦
મ્હેર કર શીટોતર આવડી. (પગે લાગું)
ગરજે બન્યો રોયા ગોવડી.
થાવ દીઓ..................જો જો.—સુવા૦
(છોડો નહિ નાગ કાળો, મોંઢું તમારૂ બાળો.)
ભુલાવું હું તારો ચાળો; ધબો ધબ.
મારી લાખ્યાધુહાય—ભાઇ૦

મેના-પોપટઃ— ૧૬

મેના મળી છે મોંઘેરા મુલનીરે સ્નેહે સાચવજો તમે;
ગોરી મારી ગુલાબના ફૂલનીરે વાસ કોને ના ગમે—
કરી પ્રેમનિ પીછાણુ નહિ નમેરા થશે;
શાણા સાચા સુખભાણુ સદા હસાવી હસો;
ગણું ગેરી ગુણ ખાણ, લાવો વ્હેમ ના કશો;
તારો સાચો સ્નેહ પ્રાણ મારા અંતરે વશ્યો;

ભવસિંધુ જળ તરવા માટે નાવ સુકાની મારા,
ગૃહરાણી છો ગુણીયલ ગોરી પોપટ પ્રાણથી પ્યારા.
પામ્યો પાર, સાચોસાર, સતિનાર,

વાહ વારથાર મેના૦

પદ્મા સખીઓઃ— ૧૭

ગરબો-સખીરી પ્રેમની વાતો પ્રેમીઓ જાણતાંરે લોલ
ઝુરે વીરહીલ કાંતો પ્રેમીથી માણતાંરે લોલ-સખીરી૦
સાર શોધે અજ્ઞાની જ્ઞાનગ્રંથનોરે લોલ
પાર પામે નહી કો પ્રેમપંથનેરે લોલ-સખીરી૦

સાખી-પ્રેમી મનથી માનતાં પ્રેમ પુરણ પરમેશ,
પ્રેમવીનાનું ધ્યાન ના ધ્યાની ધરે લવલેશ.
તારલા તમામ રહ્યા નભમાં છવાઇ,
પ્રેમનું પ્રમાણ અબ જાય ના સમાઈ,
પ્રેમનું મુલ જે જાણે અતુલ્ય, છે પ્રકાર પ્રેમના
જુદા જુદા-સખીરી૦

ગઝલ-સખીઓઃ- ૧૮

સખીરી રીસ શાને કરે, યૌવન મદમાં ઝુકેલી પ્રીય
નયને અમૃત ઝરે૦
ભ્રમર ભોગીના પ્રેમ પાસમાં પડશે કુમુદીની જ્યારે
વીરહાનળથી બળશે હૃદય જો માલુમ પડશે ત્યારે-
જાણી ચાતુરી જાવાદ્યોને સહુ સખી તમથી હારી
હારી હારી કહીવાત ઉઠાવે, વચન વદીને કાળાં
જાણ્યાં જાણ્યાં બેન તમો ને છો બહુ શરમાળાં
રસીકનું ધ્યાન હૃદયમાં ધરે-સખી૦

ગઝલ-પ્રભાકરઃ— ૧૯

સદા શાણા સોહાવો સુભાગી ગ્રહી હાથ;
પદ્માને પ્રીતે નીભાવજો.
આ પંખીણી પીયુ પાંખ વિનાની નાથ;
પદ્માને પ્રીતે નીભાવજો.........................સદા૦
અંતરમાં એક છો ઓછુ નવ લાવશો;
જંપી સદા શાણી નાવને નીભાવશો.
સતી સુખદુઃખ વેઠનાર સ્વામી સાથ;
પદ્માને પ્રીતે નીભાવજો—સદા૦

૨૦

સેના-પોપટ—ગડબડ ગોટાળો થયો રે બાપલા પુર્ણ
કુજેતી થા

દુર્લભ પુલી—મેનાને મળવા કુલીને છળવા મનની
મનમાં રહી.

બગલો—દુર જા ધુતારા ધુતી લીધો.
મુજેતી પુરી કીધી
રાખી ન જરી ભીતી
બચી મેં અચ્છી લીધી ગરબડ૦
મારો બગાને માર પોપટ બચે છે યાર

બની બૈરી અલ્યા કુલીની લાજને લુંટીને કીધી ભવાઇ ગડબડ૦
દુરલભદાસનો વેશ ભજવી બગલા બુરૂં કીધુ
આ પીટયા પોપટે મારૂં જોબન લુંટી લીધું મેર પીટયા
વાંણીયા કુટ ત્યારે છાણીયાં
હાય તને (૩) હાય, હાય, હાય ગડબડ૦

કુલી:— ૨૧

દુનીયા દીવાની જેમ ડોલાવો ડોલે
બન્ને બાજુ રમઢેલ પોલુ બોલે—દુનીયા૦
રેતી રણમાં નાવ ચલાવું, હથેલીમાંહે
ચાંદ બતાવું;
જાણે આલમ ડાહી ઠમરી, આવે નહી
કોઇ મારી તોલે—દુનીયા૦

કુલી-દુર્લભ-ગાયન— ૨૨
પોપટ-બગલો—

મેના–શીવલી

આજ દીન ઉગ્યોરે રળીયામણો
ભલું થાજો આ ભગલાનું મુજને ઘરમાં ઘાલી
સેવા કરજે શીવલી મારી ફરજે ઘરમાં મ્હાલી. આજ
કહયા કમરા સ્વામી મારા માફી આપો મુજને
ચરી ખાજે ચો દીશાએ રજા આપું છું તુજને
નાક કાન કપાવો
ચોટલો એનો મુંડાવો
અધેડે ચડાવો
ધડધંમ ડંકા વગડાવો
ફડીંગ ધા (૩) ભરરરરરં;

મધુ:— ૨૩

વાટ જોતી અલબેલા નવેલા છબીલા વર છેલા,
રેલાવા રંગરેલા પાતળીયા પ્રેમથી
વ્હાલી નવેલી વેલી તરૂ વીનાની ઘેલી આવો પ્રેમીના
બેલીરે બેલી થશે આનંદની હેલીરે હેલી
રીઝવું દીલ છેલીરે છેલી—પાતળીયા૦

મધુ–પ્રભાકર:— ૨૪

મોહનજી ધારી ધારી મુર્તિ તારી અંતરમાંહી ઉતારી
નાજુકડી નવેલી નમેલી અલબેલી

તું જીવનદોરી મારી છે પ્યારી સુખકારી—
રહું માળા આપની હું તન સોહન શણગાર
રઢીયાળી રસીલી—રંગીલી—શરમાળી શાણી મારી—

સર્વે—

૨૫

વસુધાપાલક ભજો ભાવે કાયમ કીરતાર (૨)
લલીત સુખ હમ ન ધરી અધગતાને પરહરી
ભવભયહારક તરણ તારક સૌના સરદાર (૨)
કરો કૃપા કૃપાળુ થઇ શુદ્ધી બુદ્ધી દાન દઇ
વિશ્વવિહારી અરજ ધારી તારો ભવપાર (૨)

સમાપ્ત.

જાહેરખબર.

અમારી નાટક કંપનીના ખેલની ચોપડીઓ અમારી કંપનીનો મુકામ જ્યાં હશે ત્યાંથી મળશે.

ખેલનું નામ.			કિંમત.
જરાસંધ.	...	....	....૦-૩-૦
ચંદ્રલક્ષ્મી	....	....	....૦-૩-૦
પરમહંસ	....	....	...૦-૩-૦
સતી પ્રભાવતી.		...	....૦-૩-૦
બાજીરાવ પેશ્વા.			૦-૬-૦

માલેક,

ફૈજુલ્લાભાઇ અને ભાનુશંકરની કંપની.

શ્રી સ. સુ. ના. સમાજ.